# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૩૪૧૫ તા.૧૩/૦૨/૨૦૨૫

## પરિપત્ર-૩૬૪૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એચ.એમ.એસ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.એચ.એમ.એસ. અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Examination | Exam fees | Last date to fill up exam form | Last date for submit check list & fees receipt |
|---|---|---|---|
| 1st Year, 2nd Year & 3rd Year | Rs. 4000/- | 27/02/2025 | 01/03/2025 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

- શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ પહેલા એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) જુના પોર્ટલમાં માં તથા ત્યારબાદ એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) નવા પોર્ટલમાં ભરવાના રહેશે.
- સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.
- પરીક્ષા ફોર્મ વેરીફાઈ કરતા સમયે આપે દરેક વિદ્યાર્થીઓએ મેળવેલ Grade Point, Ayush Id અને Elective 1 અને Elective 2 ની ફરજીયાતપણે સાચી માહિતી પોર્ટલમાં ભરવાની રહેશે અને આમાં જો કોઈ ભૂલ હશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોલેજના આચાર્યશ્રીની રહેશે. ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ તેમાં કોઈજ સુધારા-વધારા થઈ શકશે નહી. *(લાગુ પડતું હોય ત્યાં)*
- પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.
- વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.
- પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

- આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની **ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૦૧/૦૩/૨૦૨૫ સુધીમાં ફરજિયાતપણે જમા કરાવવાનો રહેશે. *અન્યથા પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૫/- પ્રમાણે લેટ ફી લાગુ થશે.*** (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી)
- યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદન પત્રનું ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળુ ચેક્લીસ્ટ મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
- કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.
- કોલેજોએ રી-એસેસમેન્ટના પરિણામની રાહ જોયા વિના પરીક્ષા આવેદન પત્રો અને ફી ભરી દેવી. જે વિદ્યાર્થીઓના પરિણામમાં નિયમ અનુસાર સુધારો થશે તેમની ફી પરત કરવામાં આવશે.

નોંધ:

- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.
- વિદ્યાર્થીદીઠ ભરવાની થતી રમત-ગમત ફી, સંસ્કૃતિક ફી તથા વિદ્યાર્થી કલ્યાણ ફી આ યુનિવર્સિટીના તા.૨૩/૦૯/૨૦૨૪ ના પરિપત્ર-૩૫૦૯ મુજબ ભરવાની રહેશે. તે માટે બે કોપીમાં અલગ ફોરવર્ડીંગ લેટર અને ફી ભર્યાની પાવતી સાથે રાખવાની રહેશે. ઉપરોક્ત ફી ના ભરેલ કોલેજના પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ જે અંગેની ખાસ નોધ લેવા જણાવવામાં આવે છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એચ.એમ.એસ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.